ક્રમાંકઃઆરબી-૭૨/ગુજ.સામયિક/સા.કા/૯/૨૦૨૦
પોલીસ અધિક્ષકની કચેરી,
રાજકોટ ગ્રામ્ય જીલ્લા,
રાજકોટ. તા.૧૨/૧૦/૨૦૨૦.

વિષયઃ ગુજરાત સામયિકમાં પોલીસ વિભાગને લગતા લેખો પ્રસિધ્ધ
કરવા બાબત
માહે- સપ્ટેમ્બર/૨૦૨૦
આધારઃઆપશ્રીની કચેરીના પત્રાંકઃસી.બી-૪/ગુજ.મેગે./૧૫/૩૧,
તા.૨૫/૦૩/૨૦૧૫ અન્વયે.

---

જય ભારત સાથ ઉપરોકત વિષય તથા આધાર પરત્વે જણાવવાનુ કે, માહે- સપ્ટેમ્બર/૨૦૨૦ ના માસ દરમ્યાન વણ શોધાયેલ ગુના શોધી કાઢવાની પોલીસે કરેલ સારી કામગીરીની વિગત તૈયાર કરી આ સહ પેટામાં સામેલ રાખી સાદર કરેલ છે યોગ્ય થવા વિનંતી છે.

બિડાણ ઃ- ઉપર મુજબ.

( ટી.એસ.રીઝવી )
રીડર પો.સબ ઇન્સ.
રીડર શાખા,
રાજકોટ ગ્રામ્ય જીલ્લા રાજકોટ

પ્રતિ,
પો.સબ.ઇન્સ.શ્રી
કોમ્પ્યુટર શાખા આ કચેરી

## રાજકોટ રૂરલ જીલ્લા :- પોલીસે કરેલ સારી કામગીરી

## માહે- સપ્ટેમ્બર/૨૦૨૦

---

### એન.ડી.પી.એસ. કેસ

(૧) તા.૧૧/૦૯/૨૦૨૦ ના રોજ એસ.ઓ.જી. શાખાના અધિ./કર્મચારી જેતપુર સીટી પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન ક.૨૨/૪૫.વાગ્યે બાતમીરાહે હકીકત મળેલ કે, મહેબુબ હારુનભાઇ પરમાર રહે.જેતપુર, લાદી રોડ, બકાલા માર્કેટ પાસે વાળો મો.સા. નં.જી.જે.-03 AP-૨૮૭૮ માં ગેરકાયદેસર રીતે નાર્કોટીકસ માદક પદાર્થનો જથ્થો રાખી તેનુ વેચાણ કરવા જેતપુર ગેબનશા પીરની દરગાહ પાસે ઉભેલ છે જે આધારે તા.૧૨/૯/૨૦ ના ક.૧/૨૦ વાગ્યે બાતમી વાળી જગ્યાએ રેઈડ કરતા વર્ણન મુજબનો ઈસમ ઉભો હોય જેને કોર્ડન કરી તેનુ નામ પુછતા મહેબુબ ઉર્ફે મેબલો હારૂનભાઇ પરમાર જાતે પીંજારા ઉ.વ.૩૪ રહે.જેતપુર, લાદી રોડ, બકાલા માર્કેટ પાસે વાળો હોય જેની જડતી કરતા તેના કબ્જામાંથી ગેરકાયદેસર રીતે બદામી તથા ભુખરા રંગના ઓપીયમ ડેરીવેટીવ્સ (મોર્ફીન/હેરોઈન) નો જથ્થો કુલ વજન ૩.૦૮૦ ગ્રામ જેની કુલ કિંમત આશરે રૂ.૩,૦૮,૦૦૦ નો રાખી વેચાણ કરવાના ઈરાદે મળી આવતા મો.સા.-૧ કિ.રૂ.૨૦,૦૦૦ ગણી કબ્જે કરેલ તથા આરોપીને હસ્તગત કરી આરોપી વિરૂધ્ધ જેતપુર સીટી પો.સ્ટે બી-પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૧૩૦૨૨૨૦૧૫૪૯/૨૦૨૦ એન.ડી.પી.એસ એકટ ક.૮(સી).૨૮-બી(૨-બી) મુજબ ગુન્હો રજી. કરાવેલ.

(૨) તા.૨૦/૦૯/૨૦૨૦ ના રોજ એસ.ઓ.જી. શાખાના અધિ./કર્મચારી શાપર-વેરાવળ પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમીરાહે હકીકત મળેલ કે, નીરજ ભાનુપ્રતાપ તિવારી રહે.શાપર વાળો પોતાના હવાલાવાળી છકડો રીક્ષા નં.જી.જે.-03 ય-૬૨૦૮ મ. ગે.કા. માદક પદાર્થનો જથ્થો લઇ શાપર ચોકડીથી પી.એસ. પ્લાયવુડ તરફ જવાના રસ્તે નિકળનાર છે જે હકીકત આધારે વોચ દરમ્યાન વર્ણન મુજબની છકડો રીક્ષા આવતા રોકી તેના ચાલક નીરજ ભાનુપ્રતાપ તિવારી જાતે બ્રાહ્મણ ઉ.વ.૨૨ રહે.હાલ શાપર પી.એસ.પ્લાયવુડ પાસે, મફતીયાપરા મુળ રહે.ભીખપુર તા.જી.બલરામપુર (યુ.પી.) વાળાને તથા તેની કબ્જા ભોગવટાની રીક્ષા ચેક કરતા તેના આગળના ખાનામાંથી ગેરકાયદેસર રીતે વનસ્પતી જન્ય ગાંજાના ઘટકો વાળો માદક પદાર્થ ગાંજાનો જથ્થો કુલ વજન ૧ કીલો ૩૮ ગ્રામ કિ.રૂ. ૧૦,૩૮૦ નો વેચાણ કરવાના ઇરાદે રાખી મળી આવતા છકડો રીક્ષા કિ.રૂ.૧૫,૦૦૦ તથા મોબાઇલ નંગ-૧ કિં.રૂ.૧૦,૦૦૦ મળી કુલ રૂ.૩૫,૩૮૦/- કબ્જે કરેલ તથા આરોપીને હસ્તગત કરી આરોપી વિરુધ્ધ શાપર-વે. પો.સ્ટે. બી-પાર્ટ ગુ.ર.નં. ૧૧૨૧૩૦૯૧૨૦૧૦૨૯/૨૦૨૦ એન.ડી.પી.એસ એકટ ક.૮(સી),૨૦-બી(૨-બી) મુજબ ગુન્હો રજી. કરાવેલ.

---